**CC.NO.779/2024**

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૨૧–૦૬–૨૦૨૪ |
| રજી.લીધા તારીખ : | ૨૧–૦૬–૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ: | ૨૩–૦૪–૨૦૨૬ |

ο–––––––––––––––––––––––––––––––––––––ο

ભિલોડાના મે. એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા,

ο –––––––––––––––––––––––––––––––––––––ο

<u>ક્રિ.કેસ નંબર–૭૭૯/૨૦૨૪</u>
<u>આંક : – ૨૧</u>

ફરીયાદી:– શ્રીસરકાર
(ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૪૬૯/૨૩)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– જયસિંહ દ્રોણાચાર્ય સડાત,ઉ.વ.૨૫,
રહે.વેજપુર,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

ગુન્હો :– એમ.વી.એકટ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી મુજબ.

ο–––––––––––––––––––––––––––––––––––––ο

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઇ.મનસુરી,
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી બી.એમ.પારઘી.

ο–––––––––––––––––––––––––––––––––––––ο

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે,આરોપીએ ગઈ તા.૧૫/૦૯/૨૦૨૩ ના કલાક.૧૯/૦૦ વાગ્યે મોજે વીરપુર ચોકડી

ભિલોડા આગળ રોડ ઉપર વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં પોતાના કબ્જાની સફેદ કલરની એકટીવા જેનો આગળ પાછળ નંબર પ્લેટ વગરની જેનો એન્જીન નં.JF91EW7225295 નુ કિ.રૂા.૨૫૦૦૦/-ની ચલાવી લાવી મળી આવી પકડાઇ જઇ એમ.વી.એકટની કલમ-૧૮૫ તથા ઘી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)બી મુજબનો ગુન્હો આચરેલ. મજકુર બનાવની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસ ના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ. પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક-૦૫ થી તહોમતનામું ફરમાવી આંક-૦૬ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોઘ્યો.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:-</u>

આંક.૦૮ થી ફરીયાદી/ત.ક.અ.લાલાભાઈ મોઘાભાઈ પરમાર પો.સ.ઈ.ની જુબાની

આંક.૦૯ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંક.૧૦ થી ફરીયાદ

આંક.૧૧ થી ફોર્મ-એ

આંક.૧૨ થી સુચિપત્ર

આંક.૧૩ થી પંચ સાહેદ રોકન જશવંતભાઈ ભગોરાની જુબાની

આંક.૧૪ થી પંચ સાહેદ સંતોષ રમેશભાઈ ડામોરની જુબાની

આંક.૧૬ થી ડૉ.સાહેદ પ્રિયંકાબેન જયેન્દ્રકુમાર પ્રજાપતીની જુબાની

આંક.૧૭ થી પોલીસ યાદી

આંક.૧૮ થી ફોર્મ–બી

આંક.૧૯ થી ફોર્મ–સી

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા,આરોપીનું ક્રિ.પ્રો.કોની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪) ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ ગઈ તા.૧૫/૦૯/૨૦૨૩ ના કલાક.૧૯/૦૦ વાગ્યે મોજે વીરપુર ચોકડી ભિલોડા આગળ રોડ ઉપર વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં પોતાના કબ્જાની સફેદ કલરની એકટીવા જેનો આગળ પાછળ નંબર પ્લેટ વગરની જેનો એન્જીન નં. JF91EW7225295 નુ કિ.રૂા.૨૫૦૦૦/– ની ચલાવી લાવી મળી આવી પકડાઈ જઈ એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) બી મુજબનો પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિર્ણયો //

(૧) મુદ્દા નંબર–૧: નકારમાં,

(૨) મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

// નિર્ણય અંગેના કારણો //

(૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક.૧૩ થી પંચસાહેદ રોનક જશવંતભાઈ ભગોરા તથા આંક.૧૪ થી પંચસાહેદ સંતોષ રમેશભાઈ ડામોરનાઓને તપાસવામાં આવેલ છે.સદર પંચસાહેદો એ તેમની જુબાની દરમિયાન આંક–૦૯ નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી.આ પંચસાહેદોને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ. પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ પંચસાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા આ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચસાહદો એ જણાવેલ છે કે,પોલીસે તેમની એક તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી.

(૭) વધુમાં,ફરીયાદ પક્ષે આંક–૦૮ થી ફરીયાદી લાલાભાઈ મેઘાભાઈ પરમારનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''તા.૧૫/૯/૨૩ ના રોજ અમો ભિલોઠડા પો.સ્ટે.માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજવતા હતા તે દરમ્યાન અમો વિરપુર ચોકડી પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે એક ઈસમ તેના કબજાની નંબર વગરની

એકટીવા ઉપર આમ તેમ રોડ ઉપર ચલાવી લાવતો હોય તેને હાથનો ઈશારો કરી ઉભો રખાવી તેને પકડી પાડેલ અને તે દારૂ પીધેલાની હાલતમાં હતો,જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ તેનુ નામઠામ પુછતા તેને તોતડાતી જીભે જયસિંહ દ્રોણાચાર્ય સડાત,રહે.વેજપુરનો હોવાનુ જણાવેલ અને તેની આંખો નશાથી લાલચોળ ગેરાયેલી હતી તેને ચલાવી જોતા આમ તેમ લથડીયા ખાતો બકવાટ કરતો હતો અને તેનુ મોઢુ પંચો રૂબરૂ સુંઘાવી જોતા મોઢામાંથી પુષ્કળ દારૂ પીધેલાની વાસ આવતી હતી અને તેની પાસે દારૂ પીવાનુ પાસપરીમટ હતુ નહી,જેથી તેના એકટીવાને તથા સદરીનુ શરીરી સ્થિતીનુ વિ.વારનુ પંચનામુ કરેલ.જે અસલ પંચનામુ મને બતાવવામાં આવે છે,તેમાં પંચોની તથા રૂબરૂમાં મારી સહી છે,જે ઓળખી બતાવુ છુ.જે રજુ દાખલ આંક.૦૯ આપવામાં આવે છે.ત્યારબાદ આરોપીજયસિંહ દ્રોણાચાર્ય વિરુધ્ધ એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી મુજબ ફરીયાદ આપેલી.જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે,જે ઓળખી તબાવુ છુ,જે રજુ દાખલ આંક.૧૦ આપવામાં આવે છે.સદરીને કોટેજ હોસ્પિટલ ભિલોડા ખાતે મેડીકલ બાબતે લઈ ગયેલ અને સદરીના કોટેજ હોસ્પિટલ ભિલોડાના મેડીકલ ઓફીસરનુ ફોર્મ–એ મેળવેલ જે અસલ રજુ દાખલ આંક.૧૧ આપવામાં આવે છે.ભિલોડા પો.સ્ટે.પી.એસ.ઓ.શ્રી એ.એસ. આઈ. સુરેશભાઈ થાવરાભાઈનાઓઅ ગુન્હા રજીસ્ટર નંબર–૪૬૯/૨૩ થી ગુન્હો રજીસ્ટર કરી સુચિપત્રમાં મારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ. જે અસલ સુચિપત્ર રજુ દાખલ આંક.૧૨ આપવામાં આવે છે.સદરી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીને જોયેથી ઓળખી શકુ.કોર્ટમાં હાજર છે.'' જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,'' એ વાત

ખરી છે કે મારી ફરીયાદમાં અમો કેટલા વાગ્યે પેટ્રોલીંગમાં હતા તે સમયે લખાવેલ નથી તથા ફરીયાદમાં પંચોના નામ લખાવેલા નથી.એ વાત ખરી છે કે વિરપુર ચોકડીવાળો વિસ્તાર ભરચક વિસ્તાર છે અને ઘણી બધી દુકાનો આવેલી.એ વાત ખરી છે કે,વિરપુર ચોકડી નજીકના કોઈ સાહેદના નિવેદન મે લીધેલ નથી તથા સ્થાનીક કોઈ વ્યકિતને પંચ તરીકે લીધેલ નથી.એ વાત ખરી નથી કે,કોઈ વ્યકિતને ઉજાગરો હોય તો તેની આંખો લાલ હોઈ શકે.એ વાત ખરી નથી કે,કોઈ વકિતને આંખમાં ઈન્ફેકશન હોય તો આં ખો લાલ થઈ શકે.એ વાત ખરી નથી કે,કોઈ વ્યકિત બાજરીનો રોટલો,ડુંગળી,ગોળ ખાય તો તેના શ્વાસમાંથી અલગ પ્રકારની વાસ આવે.એ વાત ખરી નથી કે,કોઈ વ્યકિતની લાલ આંખો તથા શ્વાસ અંગે અભિપ્રાય આપી શકુ નહી. એ વાત ખરી છે કે,ફોર્મ–એ મુજબ આરોપીની સ્પીચ,ચાલ સામાન્ય હતી.એ વાત ખરી નથી કે,કામગીરી બતાવવા માટે અમારે ઘણીવખત કેસો કરવાના હોય છે.એ વાત ખરી નથી કે,આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે તથા ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે,પંચો રુબરુ પંચનામુ કરેલાની હકીકત ખોટી જણાવુ છુ.''

(૮) વધુમાં,ફરીયાદ પક્ષે આંક–૧૬ થી ડૉ.પ્રિયંકાબેન જયેન્દ્રકુમાર પ્રજાપતીનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૧૫/૯/૨૩ના રોજ ભિલોડા સીવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ચાર્જમાં મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે એક ઈસમ નામે જયસિંહ દ્રોણાચાર્ય સડાતને પોલીસ યાદી સાથે રાત્રીના કલાક ૦૮:૧૦ વાગે લાવેલા. જે પોલીસ યાદી રજુ દાખલ આંક–૧૭

આપવામાં આવે છે. જેની મે પ્રાથમીક તપાસ કરેલી. તેમની ઉંમર ૨૫ હતી. તેમની બોલી સામાન્ય હતી,આંખોની કીકી સામાન્ય હતી,ચાલ સામાન્ય હતી. આ ઈસમની પ્રાથમીક તપાસ કરતા જણાયેલુ કે તે આલ્કોહોલની અસર હેઠળ હતો. ત્યારબાદ તેમનો લોહીનો નમુનો લેવાની કાર્યવાહી શરૂ કરેલ જેમાં ડીસ્ટીલ વોટર ધ્વારા હાથને ચોખ્ખો કરી ૫ એમ.એલ. લોહીનો નુમનો નસમાંથી લેવામાં આવેલ અને આ લોહીના નમુનાવાળી ફીચાલને બરાબર હલાવી તેને બરાબર રીતે બંધ કરી શીલ કરેલ.અમોએ લોહી લેવાની જે કાર્યવાહી કરેલ તે અંગે ફોર્મ–એ તૈયાર કરેલુ. મને આંક–૧૧ બતાવવામાં આવે છે. જેમાં મારા હોદ્દાની સહી અને સિકકો કરેલો છે, તેમજ ઈસમના જમણા અંગુઠાનુ નીશાન પણ લીધેલુ. અમોએ જે લોહીનુ નમુનો તૈયાર કરેલ તે ફોર્મ– બી તૈયાર કરી એફ.એસ.એલ. વિભાગ તરફ મોકલી આપેલ. આ ફોર્મ– બી મે તૈયાર કરેલુ. જેની ઓફીસ કોપી હુ આજરોજ રજુ કરુ છુ. જેમાં મારા હોદ્દાનો સહી અને સિકકો છે.જે હુ ઓળખી બતાવુ છુ.જે રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે.મે તા.૧૬/૯/૨૩ ના રોજ નમુનો ફોર્મ–બી સાથે આર.પી.એડી.થી મોકલી આપેલો. ત્યારબાદ એફ.એસ.એલ. વિભાગથી મને ફોર્મ–સી મળેલ જે હુ આજરોજ મારી સાથે લાવેલ છુ. જેની વિગતો મુજબ સદર લોહીનો નમુનો એફ.એસ.એલ.વિભાગને તા.૧૩/૧૦/૨૩ ના રોજ મળી ગયેલ અને પૃથ્થકરણના અહેવાલ મુજબ લોહીના નમુનામાં આલ્કોહોલનુ પ્રમાણ ૦.૦૭૭૯ % ગ્રામ હતુ.જે મારા અભિપ્રાય મુજબ સામાન્ય કરતા વધારે હતુ. જે ફોર્મ–સી હુ રજુ કરુ છુ. જે રજુ દાખલ આંક –૧૯ આપવામાં આવે છે. '' જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, '' એ વાત ખરી છે કે,તા.૧૫/૯/૨૩ ના રોજ હુ મારી ફરજ ઉપર હતી તારે ત્યાં ઘણા બધા દર્દીઓ આવતા હતા.

એ વાત ખરી છે કે,દર્દીની બોલી,ચાલ તથા કીકી નોર્મલ હતી.એ વાત ખરી નથી કે,કોઈ પણ દર્દીનુ બ્લડ એનાલીસીસ થાય પછીજ ખબર પડે કે આલ્કોહોલની અસર હેઠળ હતા. એ વાત ખરી નથી કે,કોઈપણ દર્દી બીમાર હોય અને તેના મોઢામાંથી આલ્કોહોલની વાસ આવતી હો છે.એ વાત ખરી છે કે, આલકોહોલ ની સ્મેલ જેવી દવા અમારી હોસ્પિટલમાં અવેલેબલ હોય છે.એ વાત ખરી છે કે,આવી કોઈ દવાઓ પીધેલી હોય તો આલ્કોહોલ જેવી સ્મેલ આવે છે. એ વાત ખરી છે કે,ખાલી સ્મેલથી કહી ન શકાય કે દારૂ પીધેલ છે.એ વાત ખરી છે કે,કોઈપણ વ્યકિતનુ બ્લડ લેવાનુ હોય તો મુંબઈ નશાબંધી એકટના નીયમોનુ પાલન કરવુ પડે. એ વા ખરી નથી કે,આરોપીનુ બ્લડ સેમ્પલ મે લીધેલ નથી.એ વાત ખરી નથી કે,અંગુઠો લીધેલો તેમાં આરોપીનુ નામ લખેલ નથી.એ વાત ખરી છે કે,ફોર્મ–એ માં અમારી કચેરીનો સિકકો લગાવેલ નથી.એ વાત ખરી નથી કે,બ્લડ સેમ્પલનુ પેકીંગ સ્ટાફ કરતો હોય છેએ વાત ખરી નથી કે,સેમ્પલ પોલીસ લઈ ગયેલ.એ વાત ખરી છે કે,સ્પીરીટનો ઉપયોગ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,સ્પીરીટની સ્મેલ આલ્કોહોલ જેવી આવે છે. એ વાત ખરી છે કે,કોઈ મલમ શરીર ઉપર લગાડયુ હોય તો તેની અસર લોહીમાં આવી શકે.એ વાત ખરી નથી કે,શીરીમાં મલમ લગાાથી બ્લડમાં આલ્કોહોલનુ પ્રમાણ જે મે લખાવેલ છે એટલુ આવે.એ વાત ખરી છે કે,મે આર.પી.એડી. સ્લીપ આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે,બ્લડ શરીરના કયા ભાગમાંથી લીધેલુ તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે,એકીસાથે ઘણા બધા બલડ સેમ્પલ મોકલતા હોઈએ છીએ.એ વાત ખરી નથી કે,સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''

(૯) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં,આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક–૦૯ નું પંચનામું પંચોની રુબરુ

અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) <u>નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક-૦૯ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી.જેથી માત્ર પોલીસ સાહેદોના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમાં આંક-૦૯ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨) આ તબકકે આરોપી વિરૂઘ્ધ આક્ષેપાયેલ ત્હોમત સબંધે પ્રોહીબીશન એકટની કલમ -૬૬(૧) બી તથા ૮૫(૧) ઘ્યાને લેવી જરૂરી છે.

ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષે જે જે સાહેદોને તપાસેલ છે તે પૈકી ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે આ કામે સૌથી મહત્વનો પુરાવો ડોકટર સાહેદ વિશ્માબેન પિનાકીનભાઈ ઉપાધ્યાયની જુબાની ધ્યાને લેવી જરૂરી છે. તેઓએ પુરાવા દરમ્યાન આરોપીનું બ્લડ નોર્મલ સલાઈન ધ્વારા હાથને ચોખ્ખો કરી ૫ એમ.એલ. લોહીનો નુમનો નસમાંથી લેવામાં આવેલ અને આ લોહીના નમુનાવાળી ફીયાલને બરાબર હલાવી તેને બરાબર રીતે બંધ કરી શીલ કરી તેને વધુ તપાસ માટે ફોર્મ –બી ની જરૂરી વિગતો ભરી પોસ્ટ મારફત એફ.એસ.એલ.રીપોર્ટ માટે મોકલી આપેલ તે હકીકતને સમર્થન મળે છે પરંતુ ધી બોમ્બે પ્રોહિબીશન એકટ(મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ)રૂલ્સ,૧૯૫૯ ના નિયમ–૩ વંચાણે લેવા જરૂરી બને છે.

રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ–૧૯૫૯ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

નિયમ –૪ :– લોહી એકત્ર કરવાની તથા આગળ મોકલવાની રીત :–

(૧) ઉપયુકત નિયમ–૩ હેઠળ કોઈ વ્યકિતને તેની સમક્ષ રર્જુ કર્યેથી તેનું લોહી લેવા માટે નોંધાયેલ મેડીકલ પ્રેકટીશનર સીરીંજનો ઉપયોગ કરશે,ઉપર દર્શાવેલ હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં સીરીંજને ઉકળતા પાણીમાં સ્ટેરીલાઈઝડ કરશે. તેણે આવી વ્યકિતના શરીર જે ભાગમાંથી તે લોહી ખેંચવા ઈરાદો રાખતા હોય તેની ચામડીની સપાટી ઉપરના ભાગને આલ્કોહોલ અથવા તેનુ મિક્ષણ ન હોય તેવા ૧ ટકા એકવાયસ મરકયુરોક્રોમ મિક્ષણથી અથવા જેનીટર વાયોલેટ થી સાફ કરશે. વ્યકિતના શરીરમાંથી લોહી ખેચવામાં આવે ત્યારે કોઈ પણ તબકકે આલ્કોહોલનો

સ્પર્શ કરવો નહી.તેણે વ્યકિતના શરીરમાંથી સીરીંજથી ૫ સી.સી.થી ઓછુ વેનસ લોહી ખેંચવુ નહી.ત્યારબાદ સીરીંજમાં લીધેલ લોહીને ગઠ્ઠા ન થઈ જાય અને સચવાઈ રહે તેવી દવાયુકત શીશીમાં લેવુ અને થઠ્ઠા ન થઈ જાય અને સચવાઈ રહે તેવી દવા લોહીમાં ભળી જાય તે માટે શીશીને ખૂબ હલાવશે.

(૨) પેટા કલમ (૧) માં દર્શાવેલ રીતે શીશીમાં લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે આવુ લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફત અથવા ખાસ સંદેશાવાહક સાથે મોકલવુ જોઈશે અને તેની સાથે ફોર્મ–બી માં એક પત્ર સામેલ કરવો કે જેમાં નમુનાનું લીધેલ લોહીની શીશીને શીલ કરવા માટે વાપરેલ શીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ (આબેહુબ નકલ) હોવી જોઈએ.

વધુમાં મલ્હારાવ ભગવાનદાસ ખરાડે વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત –૧૯૭૧ જી.એલ.આર.૯૫૬ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,બ્લડ સેમ્પલ લેતી વખતે બ્લડ ટેસ્ટ રૂલ્સની જોગવાઈઓનું પાલન કરવુ જોઈએ અને આવી મેન્ડેટરી જોગવાઈઓના રૂલ–૪,૫ નો લાભ આરોપીને મળે છે.

ઉપરોકત જણાવેલ હકીકતનો જોગવાઈઓ મુજબ લોહીનો નમુનો લીધેલ ન હોય અને તે રીતે સદર જોગવાઈમા ભંગ થતો હોય તો સદર જોગવાઈ હેઠળ આરોપીને લાભ મળવો જોઈએ.વધુમાં ડૉ.સાહેદ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓની પાસે આવેલ પેશન્ટની બોલી સામાન્ય હતી,પેશન્ટની આંખની કીકી સામાન્ય હતી ચાલ સામાન્ય હતી.આમ, આરોપીની બ્લડ લેવાની પ્રક્રિયા અને તપાસ અંગેની પ્રીક્રયા બાબતે શંકા ઉપસ્થિત થાય છે.

કલમ:– ૬૬(૧)બી:–

જે કોઈ વ્યકિત .... અફીણ સિવાયના બીજા કોઈ પણ કેફી

પદાર્થ અથવા ભાંગ–ગાંજાનો ઉપગયોગ કરે તો પ્રથમ ગુન્હા માટે છ મહીના સુધીની કેદ અને એક હજાર રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે.

કલમ:– ૮૫(૧):–

કોઈ પણ ઈસમ કોઈ શેરીમાં,જાહેર સ્થળ ઉપર, એવી કોઈ પણ જગ્યા જયાં પબ્લીક અવર જવર કરતી હોય તે પીધેલી હાલતમાં ન્યુસનસ ફેલાવે, ઝઘડા કરે,બિભત્સ ભાષા વાપરે, મારા મારી ઉપર ઉતરી આવે, સ્ત્રી સાથે અણછાજતુ વર્તન કરે કે બિભત્સ ચેનચાળા કરે તો તકસીરવાન ઠરે થી એક વર્ષ થી ઓછી નહી તેવી ત્રણ વર્ષ સુધીની સજા અને દંડની સજાનેપાત્ર થશે.

(૧૩) ઉપરોકત મુજબની જોગવાઈઓ ઘ્યાને રાખી ફરીયાદ પક્ષ તર્ફે રજુ પુરાવાઓ ઘ્યાને લેવામાં આવે તો, હાલના આરોપીએ કોઈ બિભત્સ વર્તન કર્યુ હોય કે અપશબ્દો બોલ્યા હોય, કોઈ સ્ત્રી સાથે અભદ્ર વર્તન કર્યુ હોય તેવા કોઈ જ પુરાવા ફરીયાદીપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.આમ, પ્રોહીબીશન એકટની કલમ –૮૫ (૧) મુજબનો ગુન્હો /તહોમત પુરવાર થતુ હોય તેવુ જણાઈ આવતુ નથી.

(૧૪) આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુઘ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ,ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::–

(૧) આરોપી જયસિંહ દ્રોણાચાર્ય સડાત,ઉ.વ.૨૫,રહે.વેજપુર,

તા.ભિલોડા,જિ.અરવલ્લી.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ એમ.વી.એકટ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૩મી,માહે–એપ્રિલ,સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૨૩/૦૪/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084